# જી.પી.એસ.સી.-વર્ગ ૧ અને ૨ની પરીક્ષા પાસ કરવા શું કરવું જોઈએ?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. હું અત્યારે ટી.વાય.બી.કોમ નો અભ્યાસ કરું છું. જી.પી.એસ.સી.-વર્ગ ૧ અને ૨ની પરીક્ષા પાસ કરવા શું કરવું જોઈએ?**

**- હર્ષદ ઝાલા, હિંમતનગર**



હર્ષદ સૌપ્રથમ આપને જણાવી દઈએ કે વર્ગ ૧ અને વર્ગ ૨ની પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કામાં લેવામાં આવે છે.પ્રથમ તબક્કો – પ્રાથમિક પરીક્ષા એટ્લે કે જેને આપણે પ્રિલિમ્સ પરીક્ષા તરીકે ઓળખીએ છીએ. બીજો તબક્કો – મુખ્ય પરીક્ષા એટ્લે કે મેઈન્સ પરીક્ષા. આ લેખિત પરીક્ષા હોય છે. અને ત્રીજો તબક્કો - ઈન્ટરવ્યુ. આ ત્રણે તબક્કામાં ઉત્તીર્ણ થયા બાદ આપની મેરીટના આધાર પર પસંદગી થતી હોય છે અને આપને જગ્યાની ફાળવણી થતી હોય છે. પ્રથમ તબક્કાની એટ્લે કે પ્રાથમિક પરીક્ષાની વાત કરીએ તો આ પરીક્ષા માં મુખ્યત્વે સામાન્ય જ્ઞાન , ગણિત , બંધારણ, અર્થશાસ્ત્ર , સાંસ્કૃતિક વારસો, વિજ્ઞાન અને ટેક્નોલૉજી ,ઈતિહાસ, કરંટ અફેર્સ અને ભૂગોળ જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ આપે મેઈન્સ પરીક્ષા આપવાની હોય છે, જેમાં આપના અભ્યાસક્રમ મૂજબ અલગ-અલગ વિષયોના પેપર લેખિતમાં આપવાના હોય છે. મેઈન્સની પરીક્ષામાં અંગ્રેજી અને સામાન્ય જ્ઞાનના વિષયોનો સમાવેશ પણ થાય છે. મેઈન્સ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ સફળ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે. તૈયારી વિષે વાત કરીએ તો આપે દરેક વિષયોનું ટાઈમટેબલ બનાવી તે પ્રમાણે નિયમિત વાંચન કરવું જોઈએ. એક મહત્વનો વિષય - કરન્ટ અફેર્સ એટલે કે સામાન્યજ્ઞાન – એ માટે આપ નિયમિત ન્યૂઝપેપરનું વાંચન કરી શકો છો. આપ હાલ બી.કોમ.માં અભ્યાસ કરો છો તો એક મહત્વની વાત જણાવવા માંગીએ છીએ કે આપ કોલેજના છેલ્લા વર્ષમાં અથવા સેમિસ્ટરમાં હોવ તો આપ જી.પી.એસ.સી. વર્ગ ૧ અને ૨ની પ્રાથમિક પરીક્ષા આપવા માટે લાયક ગણાઓ છો. મેઈન્સ પરીક્ષા માટે આપે ગ્રેજ્યુએશન પૂરું કરવું જરૂરી છે. વર્ગ ૧ અને ૨ ની પરીક્ષા માટેની તૈયારી આપ અત્યારથીજ શરૂ કરી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું અત્યારે ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરું છું. બી.કોમ. પછી શું કરવું જોઈએ?**

**- રજત રાવલ, દહેગામ**



રજત, આપને જણાવવા માંગીશું કે આપના સવાલનો સ્કોપ ખૂબ બહોળો છે. બી.કોમ પછી આપની પાસે ઘણા વિકલ્પ ઉપલબ્ધ છે. અહી આપણે મુખ્ય વિકલ્પોની વાત કરીશું. બી.કોમ પછી આપની પાસે મુખ્ય ત્રણ વિકલ્પ છે. આપ બી.કોમ પછી આગળ અભ્યાસ કરી શકો છો, જોબ કરી શકો છો અથવા પોતાનો વ્યવસાય સ્થાપી શકો છો. જો આપ આગળ જોબ કરવાનું વિચારતા હોય તો આપની પાસે એમાં પણ મુખ્ય બે વિકલ્પ રહેલા છે, એ છે પ્રાઈવેટ અથવા ગવર્મેન્ટ ક્ષેત્ર માં જોબ. પ્રાઈવેટ ક્ષેત્રની વાત કરીએ તો આ ક્ષેત્રમાં આપનો ગ્રોથ સારો થઈ શકે છે જો આપ પોતાનું કામ સારી રીતે કરી શકો. જ્યારે ગવર્મેન્ટ જોબની વાત કરીએ તો આ ક્ષેત્રનો સૌથી મોટો ફાયદો છે કે આ એક 'સિક્યોર' એટ્લે કે સુરક્ષિત ક્ષેત્ર છે એટ્લે કે આ ક્ષેત્રમાં જો આપ આપનું કામ પ્રામાણિક્તાથી કરો છો તો આપને આપની જોબ પરથી કોઈ બરખાસ્ત કરી શકતું નથી. આ કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ આ ક્ષેત્ર પસંદ કરતાં હોય છે. આપ બી.કોમ પછી આગળ અભ્યાસ પણ કરી શકો છો. જેમાં આપ એમ.બી.એ, સી.એ અથવા સી.એસ અને એવા અનેક ઉપલબ્ધ કોર્સેસમાંથી કોઈ સારો કોર્ષ એક સારી કોલેજમાંથી કરી શકો છો. ત્રીજા વિકલ્પની વાત કરીએ તો એ છે એંટર્પ્રિન્યરશિપ એટ્લે કે પોતાનો બિઝનેસ ચાલુ કરવો જેમાં આપ ભારત સરકારની સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડ ઉપ ઈન્ડિયા જેવી સ્કીમનો પણ લાભ લઈ શકો છો. પણ આ ક્ષેત્રમાં જવું તો જ હિતાવહ છે જો આપને ખરેખર તેમાં રુચિ હોય. એન્ત્રેપ્રેનેઉર (પોતાનો વ્યવસાય) ચાલો કરવો અને તેનો સંભાળવો એ લાગે તેટલું સહેલું નથી હોતું. આમ આપ ઉપરોક્ત વિકલ્પોમાંથી કોઈ એક આપની પસંદગી અને રુચિનો વિકલ્પ પસંદ કરી આપની કારદિર્દી ઉજ્વળ બનાવી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.કોમ કરું છું. લો માટેની પરીક્ષા વિશે માહિતિ આપશો.**

**- વિભા વાઘેલા, કડી**



વિભા, જો આપ ધોરણ ૧૨ પછી અથવા ગ્રેજ્યુએશન પછી, લૉ એટ્લે કે વકીલાતના ક્ષેત્રમાં આપનું કરિયર બનાવવા માંગતા હોવ તો આ ખૂબ સરસ વિકલ્પ છે. ધો.૧૨ પછી આપી શકાતી સી.એલ.એ.ટી પ્રવેશ પરીક્ષા થકી ભારતભરની એન.એલ.યુ એટ્લે કે નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી. કરી શકો છો.એ સિવાય આપ એ.આઈ.એલ.ઈ.ટી (ઓલ ઈન્ડિયા લૉ એન્ટ્રન્સ ટેસ્ટ) તથા એસ.એલ.એ.ટી (સિમ્બાયોસિસ લૉ એડ્મીશન ટેસ્ટ), વિગેરેની પરીક્ષા આપી લૉ માટેની અન્ય પ્રતિષ્ઠત યુનિવર્સિટી અથવા કોલેજમાંથી લૉ નો અભ્યાસ કરી શકો છો. એ સિવાય બીજી ઘણી બધી પરીક્ષા છે જે આપી આપ લૉમાં એડ્મીશન મેળવી શકો છો. આપ ગ્રેજ્યુએશન પછી પણ એલ.એલ.એમ માટે સી.એલ.એ.ટી.ની પરીક્ષા આપી એન.એલ.યુ.માંથી લૉ માં માસ્ટર્સની ડિગ્રી મેળવી શકો છો. એટ્લે કે લૉ એન્ટ્ર્સ એકસામ ભારતની પ્રતિષ્ઠત માં એલ.એલ.બી અને એલ.એલ.એમ કરવા માટે નો પ્રોગ્રામ હોય છે.જો આપ આ ક્ષેત્ર માં કરિયર બનાવવા માંગતા હોવ તો આ બધી પરીક્ષાઓ માટે યોગ્ય તૈયારી કરી ઉત્તિર્ણ થઈ ને આપ આપનું કરિયર સફળ અને સધ્ધર બનાવી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. બેસ્ટ ઓફ લક.

ઈમેલ: questions.careercorner@gmail.com
WhatsApp no. : 8849221653
Facebook : www.facebook.com/questions.careercorner

# રેડિયન્ટ સ્કૂલ દ્વારા સ્વચ્છતા જાગૃતિ રેલી અને સફાઈ અભિયાન






ગાંધીનગર, તા. ૫

પાટનગરમાં ખ-૦ નજીક સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં ૧ ઑક્ટોબરથી ૬ ઑક્ટોબર દરમિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા અભિયાનનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓ, શિક્ષકો દ્વારા પ્રથમ સ્કૂલમાં અને ત્યારબાદ આસપાસના વિસ્તારોમાં સફાઈ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યુ છે. સફાઈ અંગે લોકજાગૃતિ અર્થે વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજિંગડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર તથા પ્રિન્સિપાલ જે બી વામજા દ્વારા સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓને આ ઉમદા કાર્ય બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ગ્રામ સેવા મંદિર, નારદીપુર સંચાલિત

# મહિલા ગ્રામ વિદ્યાપીઠ દ્વારા ગાંધીજયંતિની ઉજવણી





ગાંધીનગર, તા. ૫

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ગાંધી વિચારસરણીના નેજા હેઠળ ચાલતી ગ્રામ સેવા મંદિર સંસ્થા સંચાલિત મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે આયોજિત પ્રાર્થના સંમેલનમાં સંસ્થાના નિયામક જયગોપાલ એન પંડિત, સંસ્થા સંચાલિત વિવિધ વિભાગોના વડા આચાર્યો, સમગ્ર સ્ટાફ, સંસ્થાના કારોબારી સભ્ય રામભાઈ મોચી અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થના ટુકડીએ સર્વધર્મ પ્રાર્થના, ગાંધીજીને પ્રિય ભજન વૈષ્ણવ જન..., રઘુપતિ રાઘવ રાજા રામ ધૂન દ્વારા સંગીતમય વાતાવરણ ખડું કર્યું હતું.

વિવિધ વિભાગોના વિદ્યાર્થી પ્રતિનિધિઓએ ગાંધીજી રચિત 'મંગલ પ્રભાત' પુસ્તકમાંથી સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને અસ્વાદ જેવા પ્રકરણોનું વાચન કરી તેમના વિચારોને વ્યક્ત કર્યા હતા.

ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત મહિલા ગ્રામ વિદ્યાપીઠની પ્રથમ વર્ષની વિદ્યાર્થિનીઓએ 'ગાંધી વિચાર મનન' પરીક્ષા નારદીપુર કેન્દ્ર ખાતે આપી હતી. ગાંધીવિચાર વિષયનાં અધ્યાપક અંજનાબેન વી પ્રજાપતિએ પરીક્ષાલક્ષી કામગીરી અને આયોજનની જવાબદારી અદા કરી હતી.

## જન્મદિને વધામણી



મધુબેન દશરથલાલ ગાંધર્વ
મો. ૯૪૨૮૫ ૯૬૬૫૮



હિરવા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



હેત્વા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



અવની દિપકકુમાર નિર્મલ
મો. ૯૯૨૪૪ ૯૧૨૭૭

# એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલ દ્વારા ગાંધીજયંતિની અનોખી ઉજવણી



ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલ દ્વારા ગાંધી જયંતિની ઉજવણી અનોખા અંદાજમાં કરવામાં આવી હતી.

પ્રાર્થનાસભામાં ગાંધીજીના ૧૧ મહાવ્રતોનું વિદ્યાર્થીઓ દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું. આ મહાવ્રતોનું પાલન અને ગાંધીમાર્ગ જીવનને નવો ઓપ આપે છે, એવો સૂર વિદ્યાર્થીઓએ પોતાના વાર્તાલાપમાં વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા 'મોહન ગાંધી' નામનું સુંદર નાટક ભજવવામાં આવ્યું હતું, જેમાં રામનામ મંત્રથી લઈને ગાંધીજીના દેહાવસાન સુધીની ઘટનાઓ વણવામાં આવી હતી તથા આશ્રમ વ્યવસ્થા અને આશ્રમની પ્રવૃત્તિઓને પણ દર્શાવવામાં આવી હતી. હિન્દી ભાષામાં લખાયેલા સંવાદોને વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર રીતે પ્રસ્તુત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે શહેર વિસ્તારની ગાંધી નાટ્ય સ્પર્ધામાં આ નાટકને દ્વિતિય ક્રમ પ્રાપ્ત થયો છે. શાળા પરિવાર દ્વારા આ સુંદર નાટકના મંચન બદલ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ભારતીય વિદ્યા ભવન ખાતે ગાંધીગીતોનો કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૫

ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટ્સ તેમજ ઈન્ફોસિસ ફાઉન્ડેશન બેંગલોર દ્વારા છેલ્લા બે વરસ થી ચાલી રહેલી કાર્યક્રમ હારમાળા ' આઉટરિચ કલ્ચરલ પ્રોગ્રામ' અંતર્ગત ભારતીય વિદ્યા ભવન ના જે. એ. ઓડિટોરિયમ ખાતે તારીખ ૨ ઓક્ટોબર, ૨૦૧૮ મંગળવાર ના રોજ મહાત્મા ગાંધીજીની જન્મજયંતી પ્રસંગે ગાંધીજીને પ્રિય ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો.

'પીડ પરાઈ જાણે રે' શીર્ષકથી આયોજિત આ કાર્યક્રમ માં મુખ્ય સ્વર નિકિતા જોષીપુરા અને ચિંન્મય બુચ દ્વારા અપાયો હતો. જ્યારે મંચસંચાલન અંકિત જોષીપુરાએ કરેલ હતું. આ કલાકારોને કી-બોર્ડ ઉપર મહેશ વાઘેલા, તબલાં ઉપર ભૌમિક દવે, ઓક્ટોપેડ પર સુરજ પટેલ અને વાંસળી ઉપર સંજયભાઈએ સાથ આપ્યો હતો. માત્ર ૧૩ વરસના કલાકાર ઈશિત જોષીપુરાએ 'દે દી હમે આઝાદી બીના ખડગ...' ગીતની એકદમ સુરમય રજૂઆત કરીને તથા એવા જ ઊભરતા બાળ કલાકાર આર્ણવે તબલા ઉપર શાસ્ત્રીય એકોક્તિ પ્રદર્શિત કરીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

મહાત્મા ગાંધી સાથે ભારત ના દ્વિતીય વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીને પણ આ કાર્યક્રમમાં યાદ કરવામાં આવ્યા હતા.

# સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા ગાંધીજયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૫

સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ભાવપૂર્વક ઉજવવામાં આવી હતી.

સર્વધર્મ પ્રાર્થના, મહાત્મા ગાંધીના વિચારોનું વાચન, ક્વિઝ સ્પર્ધા ઉપરાંત વિદ્યાર્થીઓએ સ્વચ્છતા જાળવવા માટે શપથ પણ લીધા હતા. કૉલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા કૉલેજ કૅમ્પસમાં સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.

# દક્ષિણ આફ્રિકામાં નાગરિક અધિકારો માટેની ચળવળ

ગાંધીયાત્રા

દક્ષિણ આફ્રિકા ગયેલા ગાંધીજી, શાંત, કંઈક અંશે આત્મવિશ્વાસવિહીન અને જરૂર કરતાં વધુ નમ્ર અને રાજનીતિથી અલિપ્ત હતાં. જો કે, કુદરત તેમની આ બધી નબળાઇ ભવિષ્યમાં દૂર કરવાની હતી. દક્ષિણ આફ્રિકામાં તેમનું જીવન સદંતર બદલાઇ જવાનું હતું. દક્ષિણ આફ્રિકામાં બીજા ભારતીયોની જેમ તેમણે પણ ગોરાઓનાં તિરસ્કાર, દમન અને જુલ્મનો ભોગ બનવું પડતું, જે ભારતના ભાવિ સ્વાતંત્ર્યના મંડાણ કરવાનું હતું. એક દિવસ ડર્બનના ન્યાયાલયના એક ન્યાયાધીશે તેમને ન્યાયાલયમાં તેમની પાઘડી ઉતારવાનું કહ્યું. ગાંધીજીએ પાઘડી ઉતારવાની સાફ ના પાડી અને ન્યાયાલયની બહાર નીકળી ગયા. આ બનાવ પછી એકવાર ગાંધીજી રેલ્વેમાં પ્રથમ વર્ગ (ફર્સ્ટ ક્લાસ)માં પ્રિટોરિયા જઇ રહ્યા હતા ત્યારે તેમની પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ હોવાં છતાં એક ગોરાએ તેમને ફર્સ્ટ ક્લાસમાંથી ઊતરી થર્ડ ક્લાસના ડબ્બામાં બેસવા કહ્યું. ગાંધીજીએ જ્યારે વિરોધ કર્યો ત્યારે પીટરમેરીટ્ઝબર્ગ સ્ટેશને તેમને ગાડીની બહાર ફેંકી દેવામાં આવ્યા. બાકીની મુસાફરી હવે ગાંધીજીએ સ્ટેઈજ કોચ (નોકરી ધંધા માટે નિયમિત આવજા કરતા યાત્રીઓની સુવિધા માટે ટૂંકા અંતરની ગાડી)માં કરવી પડી. અહીં પણ ગાંધીજીને ફરજ પાડવામાં આવી કે તેઓ પગથિયા પર ઊભા રહીને એક યુરોપિયનને ડબ્બામાં ઊભા રહેવા દે. ગાંધીજીએ જ્યારે ના પાડી ત્યારે તેમને મારવામાં આવ્યા. (આની કિંમત અંગ્રેજોને ભવિષ્યમાં ખૂબ મોંઘી પડવાની હતી.) આ પ્રસંગ સિવાય પણ તેમને આ મુસાફરી દરમ્યાન ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. ઘણી હોટલમાં તેમને ફક્ત જાતના આધાર પર પ્રવેશબંધી ફરમાવવામાં આવતી. ગાંધીજી અન્ય (ભારતીય)ની જેમ આ બધું સહન કરી શકે તેવા સ્વભાવના નહોતા. પ્રિટોરિયાના તેમના વસવાટ દરમ્યાન તેમણે જાત-પાત, ધર્મ, (શ્યામ) રંગના કારણે દક્ષિણ આફ્રિકામાં ભારતીયો પર થતા અત્યાચારનો તલસ્પર્શી અભ્યાસ કર્યો.

ગાંધીજી કરાર પૂરો થતાં તેમણે ભારત આવવાની તૈયારી કરવા માંડી, પરંતુ તેમના ડર્બન વિદાય સમારંભ દરમ્યાન તેમણે છાપામાં વાંચ્યું કે હીંદુસ્તાનની વિધાનસભા દ્વારા એક ખરડો તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં ભારતીય મૂળના નાગરિકોનો મતાધિકાર રદ કરવાની દરખાસ્ત હતી. જ્યારે તેમણે સમારંભમાં હાજર રહેલા ભારતીયોનું ધ્યાન આ તરફ દોર્યુ તો જવાબ મળ્યો કે કાનૂની નિષ્ણાતના અભાવે આ દરખાસ્તનો વિરોધ કરવું ત્યાંના ભારતીયો માટે શક્ય ન હતું. વળી, ગાંધીજી જો ડર્બનમાં રોકાઈને કાનૂની બાબતો સંભાળે તો ભારતીયો



**તેમણે એક એમ્બ્યુલન્સ દળ પણ ઊભું કર્યું જેમાં ૩૦૦ ભારતીયો માનદ્ અને ૮૦૦ ભારતીયો સવેતન સ્વયંસેવક તરીકે જોડાયા**

બીજી બધી જવાબદારી સ્વીકારવા તૈયાર હતા. ગાંધીજીએ આ લડાઇ માટે રોકાવાનું નક્કી કર્યું અને માદરે વતન પાછા ફરવાનું મુલતવી રાખ્યું. આમ, ગાંધીજીએ અજાણતાં જ ભવિષ્યની તેમની વતન પરસ્તીની લડતના પાયા નાંખી દીધા, કહો કે તેમને ભવિષ્યના સત્યાગ્રહ માટેની નેટ પ્રેકટીસની શરુઆત કરી. તેમણે સૌ પ્રથમ તો નાતાલ વિધાનસભા તેમજ બ્રિટીશ સરકારને આ ખરડો રોકવા માટે પીટીશન કરી. તેઓ ખરડો પસાર થતો તો ન રોકી શક્યા પણ ભારતીયોને થતા અન્યાય તરફ ત્યાંની પ્રજા અને સરકારનું ધ્યાન ખેંચવામાં તેમની ઝુંબેશ ખૂબ સફળ રહી. હવે ભારતીયો માટે ગાંધી હીરો બની ગયાં અને તેમના ટેકેદારોએ તેમને દક્ષિણ આફ્રિકામાં રોકાઈને ભારતીયોને થતા અન્યાય વિરુદ્ધ લડતનું સુકાન સંભાળવાનો ખૂબ આગ્રહ કર્યો. ભારતીયોની પ્રેમપૂર્વકની જીદ સામે ગાંધીજીએ ઝુકી જવું પડ્યું અને તેઓ ડર્બનમાં રોકાઇ ગયા. સૌ પ્રથમ તો તેમણે (૧૮૯૪માં) નાતાલ ભારતીય કૉંગ્રેસની સ્થાપના કરી અને તેના સ્થાપક મંત્રી બન્યા. આ સંસ્થાના માધ્યમથી તેમણે જુદા જુદા તબક્કામાં વહેંચાયેલા ભારતીયોને એક કર્યા. ભારતીયો પર દક્ષિણ આફ્રિકામાં બ્રિટીશ સરકાર અને ગોરાઓ દ્વારા થતા અન્યાય, દમન અને ઓરમાયા વર્તન બાબતે પુરાવા સહિત કૉંગ્રેસે સખત શબ્દોમાં નિવેદન આપી ગોરાઓને આરોપીનાં પાંજરામાં ઊભા કરી દીધા. સરકારી સ્થાનો અને પ્રચાર માધ્યમોમાં અનેક સ્થાને બેઠેલાં ભારતીયો આ નિવેદનને જનતા સુધી પહોંચાડવામાં સંસ્થાની અનોખી તાકાત બની ગયાં. આ સફળતાએ ભારતીયોનો અને ખાસ તો ગાંધીજીના ઉત્સાહ અને જુસ્સો વધારી દીધાં. એક વખત વતન પરત આવવાની તૈયારી કરી ચૂકેલા ગાંધીજી પત્ની કસ્તુરબા અને બાળકોને દક્ષિણ આફ્રિકા લઈ આવવા ૧૮૯૬માં ભારત આવ્યા. ૧૮૯૭ના જાન્યુઆરીમાં ગોરાઓનાં એક ટોળાએ ગાંધીજી પર હુમલો કરી તેમનો જાન લેવાનો પ્રયત્ન કર્યો ગાંધીજીએ આ હુમલા માટે ટોળાંનાં સભ્યો પર કોર્ટમાં વળતરનો દાવો કરવાની ના પાડી. ભારતીયોના ખૂબ દબાણને ખાળતા ગાંધીજીએ કહ્યું કે આમ કરવું તેમના સિદ્ધાંતની વિરુધ્ધ છે.

આ દરમ્યાન દક્ષિણ આફ્રિકામાં જંગ છેડાયો. ગાંધીજીએ એવી દલીલ કરી કે ભારતીયોએ જંગમાં સરકારની પડખે ઉભા રહી દક્ષિણ આફ્રિકાના નાગરિક અધિકારોનો દાવો વધુ મજબુત કરવો જોઈએ. તેમણે એક એમ્બ્યુલન્સ દળ પણ ઊભું કર્યું જેમાં ૩૦૦ ભારતીયો માનદ્ અને ૮૦૦ ભારતીયો સવેતન સ્વયંસેવક તરીકે જોડાયા. આમ છતાં યુદ્ધ સમાપ્ત થયા પછી દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની સ્થિતિમાં કંઈ સુધારો તો ન થયો, ઊલટી પરિસ્થિતિ વધુ ખરાબ બનતી ગઇ. ૧૯૦૬માં ટ્રાન્સવાલ સરકારે એક કાયદો બનાવ્યો જે મુજબ (બ્રિટીશ) કૉલોનીમાં વસતા ભારતીયો માટે પંજીકરણ (રજીસ્ટ્રેશન) ફરજીયાત કરવામાં આવ્યું. સપ્ટેમ્બર ૧૯૦૬માં જોહાનિસ્બર્ગ ખાતે એક વિરોધ રેલીને સંબોધતા ગાંધીજીએ સૌ પ્રથમવાર સત્યાગ્રહને રસ્તે અહિંસક આંદોલનની જાહેરાત કરી. તેમણે ભારતીયોને નવા કાયદાનો વિરોધ અહિંસક રીતે કરવા અને વિરોધ માટે થતી દરેક સજા સ્વીકારવાની હાકલ કરી. ગાંધીજીથી પ્રભાવિત ભારતીયોએ તેમના આદેશનું અક્ષરશઃ પાલન કર્યું. આ અહિંસક આંદોલન પૂરા સાત વર્ષની મુદત સુધી ચાલ્યું જેમાં હજારો ભારતીયોને જેલ જવું પડ્યું અને ગાંધીજીને તો ઘણી વખત ! (ક્રમશઃ)